ಪಂಚಭಾಷಿ
ಪುಷ್ಪಮಾಲಾ

પંચભાષી
પુષ્પમાળા

श्रीमद् राजचन्द्रजी कृत

# पंचभाषी पुष्पमाला

# Panchabhashi Pushpamala

by Srimad Rajchandraji

পংচভাষী পুষ্পমালা

## શિક્ષાપાઠ ૬૭. અમૂલ્ય તત્ત્વવિચાર

(હરિગીત છંદ)

બહુ પુણ્યકેરા પુંજથી શુભ દેહ માનવનો મળ્યો,
તોયે અરે! ભવચક્રનો આંટો નહિ એક્કે ટળ્યો;
સુખ પ્રાપ્ત કરતાં સુખ ટળે છે લેશ એ લક્ષે લહો,
ક્ષણ ક્ષણ ભયંકર ભાવમરણે કાં અહો રાચી રહો? ૧

લક્ષ્મી અને અધિકાર વધતાં, શું વધ્યું તે તો કહો?
શું કુટુંબ કે પરિવારથી વધવાપણું, એ નય ગ્રહો;
વધવાપણું સંસારનું નર દેહને હારી જવો,
એનો વિચાર નહીં અહોહો! એક પળ તમને હવો!!! ૨

નિર્દોષ સુખ નિર્દોષ આનંદ, લ્યો ગમે ત્યાંથી ભલે,
એ દિવ્ય શક્તિમાન જેથી જંજીરેથી નીકળે;
પરવસ્તુમાં નહિ મૂંઝવો, એની દયા મુજને રહી,
એ ત્યાગવા સિદ્ધાંત કે પશ્ચાત્દુઃખ તે સુખ નહીં. ૩

હું કોણ છું? ક્યાંથી થયો? શું સ્વરૂપ છે મારું ખરું?
કોના સંબંધે વળગણા છે? રાખું કે એ પરહરું?
એના વિચાર વિવેકપૂર્વક શાંત ભાવે જો કર્યા,
તો સર્વ આત્મિક જ્ઞાનનાં સિદ્ધાંતતત્ત્વ અનુભવ્યાં. ૪

તે પ્રાપ્ત કરવા વચન કોનું સત્ય કેવળ માનવું?
નિર્દોષ નરનું કથન માનો 'તેહ' જેણે અનુભવ્યું;
રે! આત્મ તારો! આત્મ તારો! શીઘ્ર એને ઓળખો,
સર્વાત્મમાં સમદૃષ્ટિ દ્યો આ વચનને હૃદયે લખો. ૫

• શ્રીમદ્ રાજચંદ્રજી •

પ્રભાતકાળના, સમગ્ર જીવનકાળના પ્રેરક
પથપ્રદર્શક પ્રજ્ઞાપુષ્પોની

# પંચભાષી પુષ્પમાળા

(ગુજરાતી પુષ્પ)

## બાલજ્ઞાની શ્રીમદ્ રાજચન્દ્રજી

પ્રાક્કથન
પૂ. સાધ્વીશ્રી ભાવપ્રભાશ્રીજી

પુરોવચન
શ્રી વસંતભાઈ ખોખાણી

પરિકલ્પના-સંપાદન
પ્રા. પ્રતાપકુમાર જ. ટોલિયા
શ્રીમતી સુમિત્રા પ્ર. ટોલિયા
(સંપાદકો, સપ્તભાષી આત્મસિદ્ધિ)

જિનભારતી
વર્ધમાન ભારતી ઈન્ટરનેશનલ ફાઉન્ડેશન
પ્રભાત કોમ્પલેકસ, કે.જી. રોડ, બેંગ્લોર-૫૬૦૦૦૯.

જિનભારતી

Panchabhashi Pushpamala (Gujarati)
by Srimad Rajchandraji (Philosophy)

પંચભાષી પુષ્પમાળા (ગુજરાતી પુષ્પ)
શ્રીમદ્ રાજચંદ્રજી રચિત

પરિકલ્પના-સંપાદન
પ્રા. પ્રતાપકુમાર જ. ટોલિયા
શ્રીમતી સુમિત્રા પ્ર. ટોલિયા

પ્રકાશક : જિનભારતી
વર્ધમાન ભારતી ઈન્ટરનૅશનલ ફાઉન્ડેશન
પ્રભાત કૉમ્પલૅક્સ, કે. જી. રોડ, બૅંગ્લોર-૫૬૦ ૦૦૯.

મૂલ્ય : અલગ પ્રતિ રૂ. ૫/- (પડતર મૂલ્ય રૂ. ૯/-)
સંયુક્ત પ્રતિ રૂ. ૩૬/- (પડતર મૂલ્ય રૂ. ૫૪/-)

પ્રકાશન વર્ષ : ૨૦૦૭
આવૃતિ : પ્રથમ. પ્રતિઓ : ૧૦૦૦

સ્વાધિકાર :
'જિનભારતી' : પૂર્વ સૂચના પછી સૌ કોઈને,
વિશ્વ-પ્રસારાર્થ પ્રકાશનની અનુમતિ.

ટાઈપસૅટિંગ અને મુદ્રાંકન
વિનાયક પ્રિન્ટર્સ, શ્રી નૌતમ ર. શાહ, અમદાવાદ
સી.પી. ઈનૉવૅશન્સ, બૅંગ્લોર.
વિશેષ પ્રાર્થના : આ પવિત્ર પુષ્પકૃતિને પ્રેમાદરથી સંભાળશો.
ફેંકીને કે નીચે મૂકીને આશાતના ન કરશો.

જિનભારતી

સંપાદકીય :

## પરમ આત્મજ્ઞ પરમકૃપાળુદેવનો લઘુ-વયનો મહાન ઉપકાર-ઉપહાર

# પંચભાષી પુષ્પમાળા

પૂર્વપ્રજ્ઞાનું સ્પષ્ટ પ્રત્યક્ષ પ્રમાણ-પરમકૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજીની દસ વર્ષની બાળ-આયુમાં નિષ્પન્ન, પ્રજ્ઞાપુષ્પોથી પુષ્પિત આ 'પુષ્પમાળા' !

પોતાના અનેક જન્મોના જ્ઞાન-નિષ્કર્ષ અને સહજ-સુંદર-સરલ - નિશ્છલ જીવન દર્શનની પરિચાયક, સાત વર્ષની વયના પૂર્વજન્મ-જાતિસ્મૃતિ જ્ઞાનની ફલશ્રુતિ- પ્રદાયક, આ પરમ આત્મજ્ઞ પ્રજ્ઞાપુરુક્ષના ઉપકાર- ઉપહારવત્ નિત્ય જીવન જીવવાની પ્રાયોગિક ક્રમ-માલા !!

આઠ વર્ષની વયમાં લિખિત કવિતા વગેરે પછી લખાયેલી આ કેવી અનુપમ કૃતિ !

આબાલવૃદ્ધ, અભણ-પંડિત, ગૃહસ્થ-ત્યાગી સૌને માટે કેવી મધુર મંજુલ સરલ પ્રાંજલ ભાષા-પરિભાષામાં દિવસભર- જીવન-ભરનું સતત જગાવી રાખનારું આ માર્ગદર્શન, દિશાદર્શન !!!

વર્તમાનના, 'આજ'ના, જીવનની વહી જઈ રહેલી સુવર્ણ ક્ષણોને પકડી લેવાનું, તેને સંઘરી રાખવાનું, તેનો શ્રેષ્ઠતમ ઉપયોગ કરી લેવાનું સુંદર આયોજન અહીં ૧૦૮ પ્રજ્ઞાપુષ્પો દ્વારા પ્રસ્તુત કરાયેલું છે. આવું અદ્ભુત, અનુપમ અનુ-ચિંતન ક્યાં મળશે ? આવી માળા પણ ક્યાંથી ઉપલબ્ધ થશે ?

આ પુષ્પમાળાએ અનેકોનાં જીવન, પુષ્પના જેવી સુવાસથી પુષ્પિત, અનુપ્રાણિત કરીને મઘમઘતાં કરી દીધાં છે. અમ અલ્પજ્ઞો પર પણ આ નાની-શી કૃતિનો મહાન ઉપકાર છે. અનેકોના, સર્વ જનસામાન્યના જીવનને સુંદર, સફળ, ઊર્ધ્વગામી બનાવવાની આમાં ક્ષમતા છે.

જિનભારતી

પરમકૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજીની 'મોક્ષમાળા-ભાવનાબોધ' 'આત્મસિદ્ધિ શાસ્ત્ર', 'વચનામૃત', આદિ પરમોપકારક પ્રજ્ઞા-કૃતિઓમાં આ 'પુષ્પમાળા' પ્રથમ ગણાશે. જન જન સુધી, ગુજરાત બહાર, ભારતભરમાં જ નહીં, વિશ્વભરમાં આ પહોંચવી જોઈએ, વિશ્વસમસ્તની ભાષાઓમાં આ વીતરાગ-વાણી મહેકવી જોઈએ, અનુગુંજિત થવી જોઈએ, અનૂદિત થવી જોઈએ. અશાન્ત, પથભ્રાન્ત વિશ્વ માટે આમાં શાંતિ અને પરમપ્રશાન્તિની ગુરુ ચાવી છે. વર્તમાનના સત્પુરુષો-પરમગુરુજનોની આ મનીષા, ભાવના, પ્રેરણા છે.

શ્રીમદ્ રાજચંદ્રજીની આત્મજ્ઞાનના સર્વોચ્ચ સુવર્ણશિખર જેવી અનુપમ અમૃત-કૃતિ 'શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર'ને સ્વરસ્થ કરવા-ગાવા-રેકર્ડ કરવાનું અમને ૩૧ વર્ષ પૂર્વે સૌભાગ્ય સાંપડયું. પછી તેમના અને અનેક વર્તમાન પરમપુરુષોના પરમ અનુગ્રહરૂપે ફરીને આ કૃતિને "સપ્તભાષી આત્મસિદ્ધિ" શીર્ષક સપ્તભાષાઓના ગ્રંથરૂપમાં પણ સંપાદન કરવાનું ય અમને વિશેષ સૌભાગ્ય પ્રાપ્ત થયું.

'સપ્તભાષી આત્મસિદ્ધિ' ગ્રંથના સર્જન-સંપાદન-પ્રકાશન કરવાની અને શ્રીમદજીની અમૃતમય વીતરાગ વાણીને વિશ્વભરમાં પ્રસારિત અને અનુગુંજિત કરવાની ઉપર્યુક્ત સર્વાધિક પ્રેરણા હતી "સદ્ગુરુ રાજ વિદેહના ચરણોમાં પરાભક્તિવશ આત્મસમર્પણ કરનાર" હંપી-કર્ણાટકના શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમસ્થ ગુરુદેવશ્રી સહજાનંદઘનજી (ભદ્રમુનિજી)ની. તેમના શીઘ્ર, અસમયના જીવનોપરાંત થંભેલું "સપ્તભાષી આત્મસિદ્ધિ"નું કસોટી અને પરિશ્રમ- ભર્યું સંપાદન-પ્રકાશન કાર્ય સંપન્ન કરાવ્યું – અનેક પ્રકારની સહાયતાપૂર્વક, ઉક્ત ગ્રંથના પુરોવચન-લેખિકા વિદુષી સુશ્રી વિમલાતાઈ ઠકારે. પૂ. તાઈનું, શ્રીમદ્જીને આત્મસાત્ કરનારું પુસ્તક 'અપ્રમાદયોગ' (Yoga of Silence) એમનું એક અદ્ભુત પ્રદાન રહ્યું છે,

જે સર્વને સુવિદિત છે. વર્ષો પૂર્વે વિમલાદીદીની સાથે આયોજિત Selected Works of Srimad Rajchandrajiની ગ્રંથ-આયોજના તો આ અલ્પાત્મા લખનારના પ્રમાદ, અન્ય પ્રવૃત્તિ સર્જનો અને જીવનની કર્મ-કસોટીઓમાં અટવાઈ રહેલી છે, જે આ સર્વ અવસ્થાઓ વચ્ચેથી સંભવ થાય ત્યારે પરમપુરુષોનો પરમ અનુગ્રહ પુનઃ ઊતર્યો તેમ સમજીશું. પરંતુ આ વચ્ચે, વિમલાદીદી અને સહજાનંદ- ઘનજી સાથેનાં સુદીર્ઘ વિમર્શો, ચિંતનાઓ અને આયોજનો અનુસાર શ્રીમદ્‌જીનું અન્ય સાહિત્ય તો નાની નાની બહુભાષી પુસ્તક-પુસ્તિકાઓના રૂપમાં પ્રકાશિત થાય એ આ યુગની માગણી હોવાને કારણે અતિ આવશ્યક અને ઉપયોગી છે. વિમલાદીદી તો અવારનવાર ભારપૂર્વક કહેતા રહે છે કે ગુજરાતના, ભારતના યુવકો, ખાસ કરીને જૈનો તો વિવેકાનંદને ભૂલી જાય, રાજચંદ્રજીને વાંચે-વિચારે, તેમની પુસ્તિકાઓ ખીસામાં રાખે .

આ સર્વ સંદર્ભોમાં હવે પ્રથમ અનુવાદિત-સંપાદિત થઈ રહી છે પ્રત્યેકને માટે-બહુજનસમાજને માટે પરમ ઉપકારક, ઉપયોગી અને ઉપાદેય કૃતિ એવી સરલ પ્રાંજલ રચના આ "પુષ્પમાળા". પંચભાષી - પાંચ ભાષાઓના સ્વરૂપમાં હોવા ઉપરાંત અલગ અલગ પ્રત્યેક ભાષામાં પણ આ પ્રસ્તુત થઈ રહી છે. આમાં મૂળ ગુજરાતી, હિન્દી, અંગ્રેજી, બંગાળી અને દક્ષિણ ભારતના વિશાળ જૈન સાહિત્યની ભાષા કન્નડ - આ પાંચ ભાષાઓ પ્રથમ પસંદ કરાઈ છે.

શ્રીમદ્‌જી-સહજાનંદઘનજીનું યોગબળ અને અનુગ્રહ અમારો પ્રેરક આધાર છે. સુશ્રી વિમલાતાઈના આ આયોજન- અભિયાનને માર્ગદર્શન અને આશીર્વાદ પ્રાપ્ત છે. શ્રીમદ્– સાહિત્યના અનેક અધ્યેતા સત્પુરુષો–વિદ્વાનોના અમને અનુમોદના પ્રાપ્ત થયેલ છે, તો એક સ્વાધ્યાયી, સાધક ગુરુબંધુની અતિ વિનમ્ર, સહજ-સરલ, ઉલ્લસિત ભાવપૂર્ણ ગુપ્ત અર્થસહાય પણ !

જિનભારતી

શ્રદ્ધા છે, સત્-પુરુષાર્થ-જનિત સંકલ્પ છે કે આ 'પંચભાષી પુષ્પમાળા' પણ શ્રીમદ્‌ના યોગબળ-અનુગ્રહ-બળથી આ નાનકડા હાથો દ્વારા અભૂતપૂર્વ પ્રકાશન અને પ્રસારણ પામશે. જો ગુરુદેવ રવીન્દ્રનાથ ઠાકુરની 'ગીતાંજલિ' અને આચાર્ય વિનોબા ભાવેનું 'ગીતા-પ્રવચન' જેવું પ્રેરક સાહિત્ય અનેક ભાષાઓમાં ફેલાઈ શકે છે, તો શ્રીમદ્ રાજચંદ્રજીનું પણ આ વિશ્વજનોપયોગી સાહિત્ય વિશ્વ સમસ્તની ભાષાઓમાં શા માટે ન મઘમઘવા-મહેકવા લાગે ? આ સંદર્ભમાં દ્રષ્ટવ્ય છે શ્રી સહજાનંદઘનજીની વ્યાપક દૃષ્ટિથી પ્રેરિત અમારો લેખ "પ્રતીક્ષા છે સૂર્યની" કે જે પ્રસ્તુત અને પ્રકાશિત થઈ ચૂકેલ છે. અમારા દ્વારા સંપાદિત દ્વિ-ભાષી અને "સપ્તભાષી આત્મસિદ્ધિ" કૃતિઓમાં !

આ વિષયમાં સર્વ મિત્રો, અભ્યાસીઓ, શ્રીમદ્-સાધકો, પાઠકોનાં સૂચનોનું સ્વાગત છે.

અંતમાં શ્રીમદ્‌જી દ્વારા સંસ્થાપિત સુબોધક પુસ્તકાલય, ખંભાતના કાર્યવાહકો અને પૂ.સાધ્વીજી ભાવપ્રભાશ્રીજીના અનુમતિ તેમજ પ્રાક્કથનાદિ માટે અમે વિનમ્ર અને કૃતજ્ઞભાવપૂર્વક અનુગૃહીત છીએ. તે જ પ્રકારે વિદ્વદ્વર્ય શ્રી વસંતભાઈ ખોખાણીના પ્રાસ્તાવિક પુરોવચન માટે પણ અમે અત્યંત આભારી છીએ. આ પ્રકાશનમાં અનેક પ્રકારે સહયોગ પ્રદાતાઓ અને મુદ્રક મિત્રોના પણ અમે આભારી છીએ.

પરમપુરુષો-સદ્‌ગુરુઓનાં પાવનચરણોમાં વંદનાસહ,

બેંગલોર-અમદાવાદ, પ.કૃ.દેવ પરમ સમાધિદિન, ૮-૪-૨૦૦૭

પ્રા. પ્રતાપકુમાર જ. ટોલિયા
શ્રીમતી સુમિત્રા પ્ર. ટોલિયા

# પુરોવચન

પરમ વિદુષી પૂ. સાધ્વીજી ભાવપ્રભાશ્રીજી દ્વારા પરમ-કૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજીની બાલ્યાવસ્થાની અનુપમકૃતિ "પુષ્પમાળા"નું બહુમૂલ્ય વિવેચન "પુષ્પમાળા- એક પરિચર્યન" શીર્ષક લઘુ પુસ્તિકામાં કરવામાં આવેલું છે, જેનો પ્રાક્કથન આદિ અલ્પાંશ અહીં પ્રસ્તુત કરવામાં આવ્યો છે. અવશ્ય જ આ "પંચભાષી પુષ્પમાળા" મુમુક્ષુ જગતને માટે અત્યંત જ ઉપયોગી અને ઉપકારક પ્રકાશન બની રહેશે એમાં કોઈ સંદેહ નથી.

ધર્મ એ તો જીવન જીવવાની કળા છે. જ્ઞાનાચાર, દર્શનાચાર, ચરિત્રાચાર, વીર્યાચાર અને તપાચાર આ પ્રકારે પંચાચાર રૂપ જૈનધર્મનું સ્વરૂપ છે. આ સર્વમાં "આચાર"એ મહત્ત્વનો શબ્દ છે. તીર્થંકરોએ આચારના નિયમો બાંધી આપ્યા છે. વિવિધ ભૂમિકાએ અપેક્ષિત આચાર-સંહિતા એ જૈનધર્મનું પ્રસિદ્ધ પ્રથમ આગમ 'આચારાંગ સૂત્ર'* છે, જેમાં ભગવાન મહાવીરે સાધક જીવનની સફળતા માટે એક માર્ગદર્શિકા નિશ્ચિત કરી આપી છે. શું કરવું ? શું ન કરવું ? શું ખાવું ? શું ન ખાવું ? કેવી રીતે જીવવું ? કેવી રીતે નહીં જીવવું ? કઈ પ્રવૃત્તિ કરવી ? કઈ ન કરવી ? કેવી રીતે બોલવું ? કેવી રીતે નહીં બોલવું ? શ્રાવક અથવા સાધુજીવનમાં કેવો વ્યવહાર કરવો ? કેવો નહીં કરવો ? આ બધી બાબતો આખરે મુમુક્ષુત્વ અને મોક્ષમાર્ગ ભણી જ લઈ જાય છે.

આ જ રીતે શ્રીમદ્ રાજચંદ્રજીએ જીવનની કોઈપણ

ભૂમિકા પર સ્થિત મુમુક્ષુ, ત્યાગી અથવા ધર્માચાર્ય; રાજા અથવા રંક; વકીલ અથવા કવિ; ધનવાન અથવા કારીગર, અધિકારી અથવા અનુચર; કૃપણ અથવા પહેલવાન, બાળક-યુવાન અથવા વૃદ્ધ; સ્ત્રી-રાજપત્ની અથવા દીનજનપત્ની, દુરાચારી અથવા દુઃખી, કોઈપણ ધંધાર્થી હોય, એ કોઈપણ ધર્મમાં માનતો હોય, તેને પ્રતિદિન-આજનો દિન-સફળ કરવાને માટે પોતાનું આજનું કર્તત્વ શું ? એ વાતની સ્પષ્ટ ક્રમમાલિકાની ગુંથણી આ પુષ્પમાળામાં અદ્‌ભુતરૂપે કરી છે. આથી જ પૂ. મહાત્મા ગાંધીજીએ કહ્યું છે કે, “જેને આત્મકલેશ ટાળવો છે, જે પોતાનું કર્તવ્ય જાણવા માટે ઉત્સુક છે, તેને શ્રીમદ્‌ના લેખોમાંથી ઘણું બધું મળી રહેશે એવો મને વિશ્વાસ છે, પછી ચાહે તે હિંદુ હો અથવા અન્ય ધર્માવલંબી.”

“આજની આચારસંહિતા” અને “નીતિબોધ”ના ગ્રંથ જેવી “પુષ્પમાળા”ના વિષયમાં પૂ. ગાંધીજીએ પંડિતશ્રી સુખલાલજીને કહ્યું હતું કે, “અરે ! આ પુષ્પમાળા તો પુનર્જન્મની સાક્ષી છે !”

સર્વજનને હિતકારક અને સર્વજનને સુખકારક આ પુષ્પમાળાની સુગંધ બહુજન સમાજ સુધી પહોંચે એ ભારે મોટા જનહિતની વાત છે. પુષ્પમાળાના આ વ્યાપને દૂર-સુદૂર ફેલાવવાના આશયથી મૂળ ગુજરાતી ઉપરાંત હિન્દી મૂળ અને અંગ્રેજી, કન્નડ, બંગાળીમાં અલગ અલગ આ રીતે ચાર અન્ય ભાષાઓમાં પ્રકાશન એ સત્‌ધર્મ પ્રચારની દિશામાં મહત્ત્વનું પગલું છે.

જિનભારતી

આત્માર્થી મુમુક્ષુભાઈશ્રી પ્રતાપભાઈ ટોલિયા અને સુશ્રી સુમિત્રાબેન ટોલિયાએ આ ઉમદા કાર્યને સિદ્ધ કરવામાં અત્યંત કષ્ટ ઉઠાવીને પ્રેમપરિશ્રમ કર્યો છે જે માટે એ બંને અભિવાદન અને અભિનંદનના અધિકારી છે. "સપ્તભાષી આત્મસિદ્ધિ"ના પછી "પંચભાષી પુષ્પમાળા" એ તેમનું મહત્ત્વનું યોગદાન છે. તેમની ધન્યવાદસહ ખૂબ ખૂબ અનુમોદના. અસ્તુ.

"સત્પુરુષોનું યોગબળ જગતનું કલ્યાણ કરો."

૨૯.૧૧.૨૦૦૬ — વસંતભાઈ ખોખાણી

'ઓજસ્', ૨, ગુલાબનગર,
રૈયારોડ, રાજકોટ-૩૬૦ ૦૦૭.

---

* "રત્નકરંડ શ્રાવકાચાર", "સાગાર ધર્મામૃત", "અણાગાર ધર્મામૃત" વગેરે પણ અન્ય મહત્ત્વના આચાર-સૂચક ગ્રંથો છે.

## શ્રીમદ્ રાજચંદ્રજી દ્વારા
## દસ વર્ષની બાળવયમાં પ્રણીત

# પુષ્પમાળા

## પ્રાક્કથન

આ પુષ્પમાળામાં પરમાત્માએ ધર્મની વિધિ, અર્થની વિધિ, કામની વિધિ અને મોક્ષની વિધિને પ્રકાશી છે. એમાં એમની પ્રભુતાની પ્રતિભા ઝળકે છે. પુષ્પમાળાનું એક એક વચન મોહનીયને ટાળવાની સમર્થતા ધરાવે છે. ઉપયોગપૂર્વક અભ્યાસ કરતાં જરૂર મોહની મંદતાનો લાભ આપણે પામી શકીએ એવી નિઃશંક શ્રદ્ધા જન્માવે છે.

'પુષ્પમાળા'

રાયથી માંડી રંક સુધીના અને આબાલવૃદ્ધ સર્વ મનુષ્યમાત્રને માટે, અરે ! ધર્માચાર્યને ય પરભવ શ્રેયસ્કર ધર્મનીતિ નિઃસ્વાર્થપણે ઉપદેશી છે. એ આપણા હૃદયમાં જગદ્ગુરુ તરીકેની ઝાંખી કરાવે જ છે.

આ પુષ્પમાળા ગુલાબથી અધિક સુગંધી આપનાર ગુણસૌરભથી ભરેલી છે. એની શૈલી અપૂર્વ છે. સૂત્રાત્મક એનાં વચનો છે, જેમાં આગમનો સાર આવી જાય છે. પ્રથમ ત્યાગીથી લઈને દરેક ભૂમિકાના મનુષ્યની પાસે આ પરમપુરુષ આત્મીતયાથી ઊભા રહીને સમજાવતા હોય તેવી રોચક ને જાગૃતિપ્રેરક શૈલી છે. સરળ, સાદી ભાષાની મધુરતા, મુખાકૃતિની સૌમ્યતા, જ્ઞાનની ગંભીરતા,

અંતરાત્માની નિર્દોષતા જોતાં મન હરી લે એવી મહાત્મ્યવાન છે.

જો આપણને અવગાહતાં આવડે તો આ પુષ્પમાળામાં ૭ પદની સિદ્ધિનો માર્મિક ખુલાસો પણ સમાવેશ પામે છે.

આ માળામાં આજની સવાર-બપોર-સાંજની ચર્યાની ગૂંથણી કરી છે. વળી, જીવનમાં દરેક પાસાં કે જીવનની જરૂરિયાતો જેવી કે આહાર, ઊંઘ, આરામ ને આનંદનીયતા વિષે નવાં કર્મ ન બંધાય તેવી દિવ્ય દૃષ્ટિ આપી છે. એ આપણને મન, વચન, કાયાના ત્રણ દંડથી કેમ નિવર્તવું તે શીખવે છે. તેમજ આત્માના કલ્યાણનું, સુખનું પરમ સાધન સત્સંગની પ્રેરણા આપે છે. પ્રભુની વૈરાગ્યમય ભક્તિ, પુનર્જન્મનો વિશ્વાસ, નીતિ, સદાચરણ, નિર્વેરતા, ક્ષમા, સંતોષ, નિરભિમાનતા, દયા, ઈન્દ્રિયદમન, પરોપકાર, શીલ, સત્ય, વિવેક એ આદિ આત્મહિતૈષી વિષયોની સુદૃઢતા કરાવે છે.

એટલા માટે ચાલો, આપણે એને લક્ષપૂર્વક મનન કરીએ. "દસ વર્ષે રે ધારા ઉલ્લસી..." એ જ્ઞાનધારા પ્રવાહિત થઈ - શબ્દ દ્વારા. તેમાં નિમજ્જન કરીએ.

આ માળામાં પરમાત્માએ આજના જ દિવસનું કર્તવ્ય બતાવી, તેમાં જ આખા જીવનનું કર્તવ્ય બતાવી દેવાની ખૂબી કરી છે. આ માળાનાં વચનોના વિચાર અર્થે, પરિચર્યન અર્થે શ્રી વચનામૃતજી ગ્રંથનો આધાર લીધો છે.

પરમાત્માએ બાલ્યવયમાં જે પ્રૌઢવિચારણા અને

સૂક્ષ્મબોધ આપ્યો છે તેવો જ અવિરોધપણે સૂક્ષ્મ-બોધ, વિસ્તારથી મુમુક્ષુભાઈઓના પત્રોનું સમાધાન કરતાં પ્રરુપ્યો છે.

શ્રી વચનામૃતજી ગ્રંથનાં આદિ, મધ્ય, અંતનાં કેટલાંક વાકયોમાં તથા ભાવોમાં કેટલીક સામ્યતા દેખાય છે. તેમાં ઊંડાં ઊતરતાં આશ્ચર્યમગ્ન થવાય છે કે અહો ! જન્મજ્ઞાની ! નાની વયમાં પુષ્પમાળામાં ટૂંકાં વાકયોમાં શ્રુતસાગર કેટલો વિસ્તારથી સમાવ્યો છે !

પ્રભુના ઘરની આ પ્રસાદી, તેના અભ્યાસીને માટે, આત્મોન્નતિનાં ચાહક આપણને શીઘ્ર પ્રશસ્ત ક્રમમાં દોરનાર થાઓ, યોજનાર થાઓ, એમ પરમાત્મા પ્રત્યે વિનવું છું.

**- સાધ્વીશ્રી ભાવપ્રભાશ્રી**

વિ.સં. ૨૦૫૫

સૌજન્ય : ઋણસ્વીકાર :

શ્રી સ્તંભતીર્થ, શ્રી સુબોધક પુસ્તકશાળા, ખંભાત.

(આ સંસ્થા દ્વારા પ્રકાશિત "પુષ્પમાળા - એક પરિચર્યન" સીડી પણ ઉપલબ્ધ છે.)

(નોંધ : આ પુસ્તકમાં અવતરણ ચિહ્નમાં મૂકેલાં વચનો શ્રીમદ્ રાજચંદ્ર વચનામૃતજી ગ્રંથમાંના છે.)

ૐ

**શ્રી સહજાત્મ સ્વરૂપ**

**શુદ્ધ ચૈતન્ય સ્વામી**

**શ્રીમદ્ શ્રી રાજચંદ્રદેવને નમોનમઃ**

**મંગલદાયિની**

**શ્રી જિનવાણીને**

**નમસ્કાર સહ ત્રિકરણયોગે**

**શિરસાવંદન હો !**

"જ્ઞાન, દર્શન, ચરિત્ર, તપ અને વીર્ય એવા મોક્ષના પાંચ આચાર જેના આચરણમાં પ્રવર્તમાન છે અને બીજા ભવ્ય જીવોને તે આચારમાં પ્રવર્તાવે છે એવા આચાર્ય (ભાવાચાર્ય) ભગવાનને અત્યંત ભક્તિથી નમસ્કાર કરું છું. દ્વાદશાંગના અભ્યાસી અને તે શ્રુત, શબ્દ, અર્થ અને રહસ્યથી અન્ય ભવ્ય જીવોને અધ્યયન કરાવનાર એવા ઉપાધ્યાય ભગવાન (શ્રુત રસિયા), શંકાશલ્ય દૂર કરનાર, અભિપ્રાયની ભ્રાંતિને હરનાર શ્રુતદાયકને અંતરના બહુમાનથી નમસ્કાર હો ! નમસ્કાર કરું છું !"

"તે પદમાં નિરંતર લક્ષરૂપ પ્રવાહ છે જેનો તે સત્પુરુષોને નમસ્કાર."

## અભ્યર્થના

### ૐ નમઃ શ્રી સત્

આ વિષમ કાળમાં પરમ શાંતિના ધામરૂપ બાળ વીર, જ્ઞાનાવતાર પ્રભુ ઘણા જીવો અલખ સમાધિ પામે એવી કરુણા ભાવનાનું ચિંતન કરતાં - પૂર્વભવોથી ચિંતન કરતાં કરતાં આ ભરતક્ષેત્રમાં સૂર્યથી અધિક પ્રકાશમાન, પ્રગટ દેહધારી પરમાત્મારૂપે અવતર્યા છે. તે દિવ્યજ્ઞાનકિરણના તેજપ્રભાવથી જગતજીવોના મોહ-અંધકારને દૂર કરવા અને દુર્લભ માનવજીવનના મુખ્ય કર્તવ્યને (વ. ૬૭૦) “સર્વ કાર્યમાં કર્તવ્ય માત્ર આત્માર્થ છે...” તે સમજાવવા, આત્માને પવિત્રતાનાં પુષ્પોથી, આત્મગુણને પ્રફુલ્લિત કરવા, નિર્મળ જ્ઞાનધારાના પ્રવાહથી દરેકને ભૂમિકાધર્મનું ભાન કરાવી ઊર્ધ્વગતિના પરિણામી બનાવવા મંગળદાયક એવી એકસો આઠ સુગંધી વચનરૂપી પુષ્પની મોક્ષગામિની માળા દસમે વરસે મુમુક્ષુ કંઠમાં આરોપે છે. તે કરુણાની માલિની મારા હ્રદય પર શોભી રહો એ જ હે નાથ ! આપની સવિશેષ દયાના અંકુરથી વિનંતી સફળ થાઓ એ આ બાળની આર્ત યાચના હો !

ॐ

## શ્રીમદ્ રાજચંદ્રજી પ્રણીત

# પુષ્પમાળા

૧. રાત્રિ વ્યતિક્રમી ગઈ, પ્રભાત થયું, નિદ્રાથી મુક્ત થયા. ભાવનિદ્રા ટળવાનો પ્રયત્ન કરજો.

૨. વ્યતીત રાત્રિ અને ગઈ જિંદગી પર દૃષ્ટિ ફેરવી જાઓ.

૩. સફળ થયેલા વખતને માટે આનંદ માનો, અને આજનો દિવસ પણ સફળ કરો. નિષ્ફળ થયેલા દિવસને માટે પશ્ચાત્તાપ કરી નિષ્ફળતા વિસ્મૃત કરો.

૪. ક્ષણ ક્ષણ જતાં અનંતકાળ વ્યતીત થયો, છતાં સિદ્ધિ થઈ નહીં.

૫. સફળજન્ય એક્કે બનાવ તારાથી જો ન બન્યો હોય તો ફરી ફરીને શરમા.

૬. અઘટિત કૃત્યો થયાં હોય તો શરમાઈને મન, વચન, કાયાના યોગથી તે ન કરવાની પ્રતિજ્ઞા લે.

૭. જો તું સ્વતંત્ર હોય તો સંસારસમાગમે તારા આજના દિવસના નીચે પ્રમાણે ભાગ પાડ :

(૧) ૧ પ્રહર-ભક્તિકર્તવ્ય

(૨) ૧ પ્રહર -ધર્મકર્તવ્ય

(૩) ૧ પ્રહર-આહારપ્રયોજન

(૪) ૧ પ્રહર વિદ્યાપ્રયોજન

(૫) ૨ પ્રહર-નિદ્રા

(૬) ૨ પ્રહર સંસારપ્રયોજન

૮ પ્રહર

૮. જો તું ત્યાગી હોય તો ત્વચા વગરની વનિતાનું સ્વરૂપ વિચારીને સંસાર ભણી દૃષ્ટિ કરજે.

૯. જો તને ધર્મનું અસ્તિત્વ અનુકૂળ ન આવતું હોય તો નીચે કહું છું તે વિચારી જજે :-

(૧) તું જે સ્થિતિ ભોગવે છે તે શા પ્રમાણથી ?

(૨) આવતી કાલની વાત શા માટે જાણી શકતો નથી ?

(૩) તું જે ઈચ્છે છે તે શા માટે મળતું નથી ?

(૪) ચિત્રવિચિત્રતાનું પ્રયોજન શું છે ?

૧૦. જો તને અસ્તિત્વ પ્રમાણભૂત લાગતું હોય અને તેના મૂળતત્ત્વની આશંકા હોય તો નીચે કહું છું :-

૧૧. સર્વ પ્રાણીમાં સમદૃષ્ટિ

૧૨. કિંવા કોઈ પ્રાણીને જીવિતવ્યરહિત કરવાં નહીં, ગજા ઉપરાંત તેનાથી કામ લેવું નહીં.

૧૩. કિંવા સત્પુરુષો જે રસ્તે ચાલ્યા તે.

૧૪. મૂળતત્ત્વમાં ક્યાંય ભેદ નથી, માત્ર દૃષ્ટિમાં ભેદ

છે એમ ગણી આશય સમજી પવિત્ર ધર્મમાં પ્રવર્તન કરજે.

૧૫. તું ગમે તે ધર્મ માનતો હોય તેનો મને પક્ષપાત નથી, માત્ર કહેવાનું તાત્પર્ય કે જે રાહથી સંસાર-મળ નાશ થાય તે ભક્તિ, તે ધર્મ અને તે સદાચારને તું સેવજે.

૧૬. ગમે તેટલો પરતંત્ર હો તો પણ મનાથી પવિત્રતાને વિસ્મરણ કર્યા વગર આજનો દિવસ રમણીય કરજે.

૧૭. આજે જો તું દુષ્કૃતમાં દોરાતો હો તો મરણને સ્મર.

૧૮. તારા દુ:ખ-સુખના બનાવોની નોંધ આજે કોઈને દુ:ખ આપવા તત્પર થાય તો સંભારી જા.

૧૯. રાજા હો કે રંક હો-ગમે તે હો. પરંતુ આ વિચાર વિચારી સદાચાર ભણી આવજો કે આ કાયાનાં પુદ્ગલ થોડા વખતને માટે માત્ર સાડાત્રણ હાથ ભૂમિ માંગનાર છે.

૨૦. તું રાજા હો તો ફિકર નહીં, પણ પ્રમાદ ન કર, કારણ નીચમાં નીચ, અધમમાં અધમ, વ્યભિચારનો, ગર્ભપાતનો, નિર્વંશનો, ચંડાલનો, કસાઈનો અને વેશ્યાનો એવો કણ તું ખાય છે. તો પછી ?

૨૧. પ્રજાનાં દુ:ખ અન્યાય, કર એને તપાસી જઈ આજે ઓછાં કર. તું પણ હે રાજા ! કાળને ઘેર આવેલો પરૂણો છે.

૨૨. વકીલ હો તો એથી અર્ધા વિચારનો મનન કરી જજે.

૨૩. શ્રીમંત હો તો પૈસાના ઉપયોગને વિચારજે. રળવાનું કારણ આજે શોધીને કહેજે.

૨૪. ધાન્યાદિકમાં વ્યાપારથી થતી અસંખ્ય હિંસા સંભારી ન્યાયસંપન્ન વ્યાપારમાં આજે તારું ચિત્ત ખેંચ.

૨૫. જો તું કસાઈ હોય તો તારા જીવના સુખનો વિચાર કરી આજના દિવસમાં પ્રવેશ કર.

૨૬. જો તું સમજણો બાલક હોય તો વિદ્યા ભણી અને આજ્ઞા ભણી દૃષ્ટિ કર.

૨૭. જો તું યુવાન હોય તો ઉદ્યમ અને બ્રહ્મચર્ય ભણી દૃષ્ટિ કર.

૨૮. જો તું વૃદ્ધ હોય તો મોત ભણી દૃષ્ટિ કરી આજના દિવસમાં પ્રવેશ કર.

૨૯. જો તું સ્ત્રી હોય તો તારા પતિ પ્રત્યેની ધર્મકરણીને સંભાર; દોષ થયા હોય તેની ક્ષમા યાચ અને કુટુંબ ભણી દૃષ્ટિ કર.

30. જો તું કવિ હોય તો અસંભવિત પ્રશંસાને સંભારી જઈ આજના દિવસમાં પ્રવેશ કર.

૩૧. જો તું કૃપણ હોય તો, -

૩૨. જો તું અમલમસ્ત હોય તો નેપોલિયન બોનાપાર્ટને બંને સ્થિતિથી સ્મરણ કર.

૩૩. ગઈ કાલે કોઈ કૃત્ય અપૂર્ણ રહ્યું હોય તો પૂર્ણ કરવાનો સુવિચાર કરી આજના દિવસમાં પ્રવેશ કર.

૩૪. આજે કોઈ કૃત્યનો આરંભ કરવા ધારતો હો તો વિવેકથી સમય, શક્તિ અને પરિણામને વિચારી આજના દિવસમાં પ્રવેશ કર.

૩૫. પગ મૂકતાં પાપ છે, જોતાં ઝેર છે, અને માથે મરણ રહ્યું છે; એ વિચારી આજના દિવસમાં પ્રવેશ કર.

૩૬. અઘોર કર્મ કરવામાં આજે તારે પડવું હોય તો રાજપુત્ર હો તોપણ ભિક્ષાચરી માન્ય કરી આજના દિવસમાં પ્રવેશ કરજે.

૩૭. ભાગ્યશાલી હો તો તેના આનંદમાં બીજાને ભાગ્યશાલી કરજે. પરંતુ દુર્ભાગ્યશાલી હો તો અન્યનું બૂરું કરતાં રોકાઈ આજના દિવસમાં પ્રવેશ કરજે.

૩૮. ધર્માચાર્ય હો તો તારા અનાચાર ભણી કટાક્ષદૃષ્ટિ કરી આજના દિવસમાં પ્રવેશ કરજે.

૩૯. અનુચર હો તો પ્રિયમાં પ્રિય એવા શરીરના

નિભાવનાર તારા અધિરાજની નિમકહલાલી ઈચ્છી આજના દિવસમાં પ્રવેશ કરજે.

૪૦. દુરાચારી હો તો તારી આરોગ્યતા, ભય પરતંત્રતા, સ્થિતિ અને સુખ એને વિચારી આજના દિવસમાં પ્રવેશ કરજે.

૪૧. દુ:ખી હો તો (આજની) આજીવિકા જેટલી આશા રાખી આજના દિવસમાં પ્રવેશ કરજે.

૪૨. ધર્મકરણીનો અવશ્ય વખત મેળવી આજની વ્યવહારસિદ્ધિમાં તું પ્રવેશ કરજે.

૪૩. કદાપિ પ્રથમ પ્રવેશે અનુકૂળતા ન હોય તોપણ રોજ જતા દિવસનું સ્વરૂપ વિચારી આજે ગમે ત્યારે પણ તે પવિત્ર વસ્તુનું મનન કરજે.

૪૪. આહાર, વિહાર, નિહાર એ સંબંધીની તારી પ્રક્રિયા તપાસી આજના દિવસમાં પ્રવેશ કરજે.

૪૫. તું કારીગર હો તો આળસ અને શક્તિના ગેર-ઉપયોગનો વિચાર કરી જઈ આજના દિવસમાં પ્રવેશ કરજે.

૪૬. તું ગમે તે ધંધાર્થી હો, પરંતુ આજીવિકાર્થે અન્યાયસંપન્ન દ્રવ્ય ઉપાર્જન કરીશ નહીં.

૪૭. એ સ્મૃતિ ગ્રહણ કર્યા પછી શૌચક્રિયાયુક્ત થઈ ભગવદ્‌ભક્તિમાં લીન થઈ ક્ષમાપના યાચ.

૪૮. સંસારપ્રયોજનમાં જો તું તારા હિતને અર્થે

અમુક સમુદાયનું અહિત કરી નાખતો હો તો અટકજે.

૪૯. જુલમીને, કામીને, અનાડીને ઉત્તેજન આપતો હો તો અટકજે.

૫૦. ઓછામાં ઓછો પણ અર્ધપ્રહર ધર્મકર્તવ્ય અને વિદ્યાસંપત્તિમાં ગાળજે.

૫૧. જિંદગી ટૂંકી છે, અને જંજાળ લાંબી છે, માટે જંજાળ ટૂંકી કર તો સુખરૂપે જિંદગી લાંબી લાગશે.

૫૨. સ્ત્રી, પુત્ર, કુટુંબ, લક્ષ્મી ઈત્યાદિ બધાં સુખ તારે ઘેર હોય તોપણ એ સુખમાં ગૌણતાએ દુઃખ રહ્યું છે એમ ગણી આજના દિવસમાં પ્રવેશ કર.

૫૩. પવિત્રતાનું મૂળ સદાચાર છે.

૫૪. મન દોરંગી થઈ જતું જાળવવાને,

૫૫. વચન શાંત, મધુર, કોમળ, સત્ય અને શૌચ બોલવાની સામન્ય પ્રતિજ્ઞા લઈ આજના દિવસમાં પ્રવેશ કરજે.

૫૬. કાયા મળમૂત્રનું અસ્તિત્વ છે, તે માટે 'હું આ શું અયોગ્ય પ્રયોજન કરી આનંદ માનું છું.' એમ આજે વિચારજે.

૫૭. તારે હાથે કોઈની આજીવિકા આજે તૂટવાની હોય તો,-

૫૮. આહારક્રિયામાં હવે તેં પ્રવેશ કર્યો. મિતાહારી અકબર સર્વોત્તમ બાદશાહ ગણાયો.

૫૯. જો આજે દિવસે તને સૂવાનું મન થાય, તો તે વખતે ઈશ્વરભક્તિપરાયણ થજે, કે સત્‌શાસ્ત્રનો લાભ લઈ લેજે.

૬૦. હું સમજું છું કે એમ થવું દુર્ઘટ છે, તોપણ અભ્યાસ સર્વનો ઉપાય છે.

૬૧. ચાલ્યું આવતું વૈર આજે નિર્મૂળ કરાય તો ઉત્તમ, નહીં તો તેની સાવચેતી રાખજે.

૬૨. તેમ નવું વૈર વધારીશ નહીં, કારણ વૈર કરી કેટલા કાળનું સુખ ભોગવવું છે એ વિચાર તત્ત્વજ્ઞાનીઓ કરે છે.

૬૩. મહારંભી, હિંસાયુક્ત વ્યાપારમાં આજે પડવું પડતું હોય તો અટકજે.

૬૪. બહોળી લક્ષ્મી મળતાં છતાં આજે અન્યાયથી કોઈનો જીવ જતો હોય તો અટકજે.

૬૫. વખત અમૂલ્ય છે, એ વાત વિચારી આજના દિવસની ૨,૧૬,૦૦૦ વિપળનો ઉપયોગ કરજે.

૬૬. વાસ્તવિક સુખ માત્ર વિરાગમાં છે. માટે જંજાળમોહિનીથી આજે અભ્યંતરમોહિની વધારીશ નહીં.

૬૭. નવરાશનો દિવસ હોય તો આગળ કહેલી સ્વતંત્રતા પ્રમાણે ચાલજે.

૬૮. કોઈ પ્રકારની નિષ્પાપી ગમ્મત કિંવા અન્ય કંઈ નિષ્પાપી સાધન આજની આનંદનીયતાને માટે શોધજે.

૬૯. સુયોજક કૃત્ય કરવામાં દોરાવું હોય તો વિલંબ કરવાનો આજનો દિવસ નથી, કારણ આજ જેવો મંગળદાયક દિવસ બીજો નથી.

૭૦. અધિકારી હો તોપણ પ્રજાહિત ભૂલીશ નહીં, કારણ જેનું (રાજાનું) તું લૂણ ખાય છે, તે પણ પ્રજાના માનીતા નોકર છે.

૭૧. વ્યાવહારિક પ્રયોજનમાં પણ ઉપયોગપૂર્વક વિવેકી રહેવાની સત્પ્રતિજ્ઞા માની આજના દિવસમાં વર્તજે.

૭૨. સાયંકાળ થયા પછી વિશેષ શાન્તિ લેજે.

૭૩. આજના દિવસમાં આટલી વંસ્તુને બાધ ન અણાય તો જ વાસ્તવિક વિચક્ષણતા ગણાય : (૧) આરોગ્યતા (૨) મહત્તા (૩) પવિત્રતા (૪) ફરજ

૭૪ જો આજે તારાથી કોઈ મહાન કામ થતું હોય તો તારા સર્વ સુખનો ભોગ પણ આપી દેજે.

૭૫ કરજ એ નીચ રજ (ક+રજ) છે; કરજ એ યમના હાથથી નીપજેલી વસ્તુ છે; (કર+જ) કર એ રાક્ષસી રાજાનો જુલમી કર

ઉઘરાવનાર છે. એ હોય તો આજે ઉતારજે અને નવું કરતાં અટકજે.

૭૬. દિવસ સંબંધી કૃત્યનો ગણિતભાવ હવે જોઈ જા.

૭૭. સવારે સ્મૃતિ આપી છે છતાં કંઈ અયોગ્ય થયું હોય તો પશ્ચાત્તાપ કર અને શિક્ષા લે.

૭૮. કંઈ પરોપકાર, દાન, લાભ કે અન્યનું હિત કરીને આવ્યો હો તો આનંદ માન, નિરભિમાની રહે.

૭૯. જાણતાં અજાણતાં પણ વિપરીત થયું હોય તો હવે તે માટે અટકજે.

૮૦. વ્યવહારનો નિયમ રાખજે અને નવરાશે સંસારની નિવૃત્તિ શોધજે.

૮૧. આજ જેવો ઉત્તમ દિવસ ભોગવ્યો, તેવી તારી જિંદગી ભોગવવાને માટે તું આનંદિત થા તો જ આ.

૮૨. આજ જે પળે તું મારી કથા મનન કરે છે, તે જ તારું આયુષ્ય સમજી સદ્‌વૃત્તિમાં દોરાજે.

૮૩. સત્પુરુષ વિદુરના કહ્યા પ્રમાણે આજે એવું કૃત્ય કરજે કે રાત્રે સુખે સુવાય.

૮૪. આજનો દિવસ સોનેરી છે, પવિત્ર છે, કૃતકૃત્ય થવારૂપ છે, એમ સત્પુરુષોએ કહ્યું છે; માટે માન્ય કર.

૮૫. જેમ બને તેમ આજના દિવસ સંબંધી, સ્વપત્ની સંબંધી પણ વિષયાસક્ત ઓછો રહેજે.

૮૬. આત્મિક અને શારીરિક શક્તિની દિવ્યતાનું તે મૂળ છે, એ જ્ઞાનીઓનું અનુભવસિદ્ધ વચન છે.

૮૭. તમાકુ સૂંઘવા જેવું નાનું વ્યસન પણ હોય તો આજે પૂર્ણ કર (૦) નવીન વ્યસન કરતાં અટક.

૮૮. દેશ, કાળ, મિત્ર એ સઘળાંનો વિચાર સર્વ મનુષ્યે આ પ્રભાતમાં સ્વશક્તિ સમાન કરવો ઉચિત છે.

૮૯. આજે કેટલા સત્પુરુષોનો સમાગમ થયો, આજે વાસ્તવિક આનંદસ્વરૂપ શું થયું ? એ ચિંતવન વિરલા પુરુષો કરે છે.

૯૦. આજે તું ગમે તેવા ભયંકર પણ ઉત્તમ કૃત્યમાં તત્પર હો તો નાહિંમત થઈશ નહીં.

૯૧. શુદ્ધ સચ્ચિદાનંદ, કરુણામય પરમેશ્વરની ભક્તિ એ આજનાં તારાં સત્કૃત્યનું જીવન છે.

૯૨. તારું, તારા કુટુંબનું, મિત્રનું, પુત્રનું, પત્નીનું, માતાપિતાનું, ગુરુનું, વિદ્વાનનું, સત્પુરુષનું યથાશક્તિ હિત, સન્માન, વિનય, લાભના

કર્તવ્ય થયું હોય તો આજના દિવસની તે સુગંધી છે.

૯૩. જેને ઘેર આ દિવસ કલેશ વગરનો, સ્વચ્છતાથી, શૌચતાથી, સંપથી, સંતોષથી, સૌમ્યતાથી, સ્નેહથી, સભ્યતાથી, સુખથી જશે તેને ઘેર પવિત્રતાનો વાસ છે.

૯૪. કુશલ અને કહ્યાગરા પુત્રો, આજ્ઞાવલંબની ધર્મયુક્ત અનુચરો, સદ્‌ગુણી સુંદરી, સંપીલું કુટુંબ, સત્પુરુષ જેવી પોતાની દશા જે પુરુષની હશે તેનો આજનો દિવસ આપણે સઘળાને વંદનીય છે.

૯૫. એ સર્વ લક્ષણસંયુક્ત થવા જે પુરુષ વિચક્ષણતાથી પ્રયત્ન કરે છે તેનો દિવસ આપણને માનનીય છે.

૯૬. એથી પ્રતિભાવવાળું વર્તન જ્યાં મચી રહ્યું છે તે ઘર આપણી કટાક્ષદૃષ્ટિની રેખા છે.

૯૭. ભલે તારી આજીવિકા જેટલું તું પ્રાપ્ત કરતો હો, પરંતુ નિરૂપાધિમય હોય તો ઉપાધિમય પેલું રાજસુખ ઈચ્છી તારો આજનો દિવસ અપવિત્ર કરીશ નહીં.

૯૮. કોઈએ તને કડવું કથન કહ્યું હોય તે વખતમાં સહનશીલતા-નિરૂપયોગી પણ,

૯૯. દિવસની ભૂલ માટે રાત્રે હસજે, પરંતુ તેવું હસવું ફરીથી ન થાય તે લક્ષિત રાખજે.

૧૦૦. આજે કંઈ બુદ્ધિપ્રભાવ વધાર્યો હોય, આત્મિક શક્તિ ઉજવાળી હોય, પવિત્ર કૃત્યની વૃદ્ધિ કરી હોય તો તે-

૧૦૧. અયોગ્ય રીતે આજે તારી કોઈ શક્તિનો ઉપયોગ કરીશ નહીં, - મર્યાદાલોપનથી કરવો પડે તો પાપભીરુ રહેજે.

૧૦૨. સરળતા એ ધર્મનું બીજસ્વરૂપ છે. પ્રજ્ઞાએ કરી સરળતા સેવાઈ હોય તો આજનો દિવસ સર્વોત્તમ છે.

૧૦૩. બાઈ, રાજપત્ની હો કે દીનજનપત્ની હો, પરંતુ મને તેની કંઈ દરકાર નથી. મર્યાદાથી વર્તતી મેં તો શું પણ પવિત્ર જ્ઞાનીઓએ પ્રશંસી છે.

૧૦૪. સદ્ગુણથી કરીને જો તમારા ઉપર જગતનો પ્રશસ્ત મોહ હશે તો હે બાઈ, તમને હું વંદન કરું છું.

૧૦૫. બહુમાન, નમ્રભાવ, વિશુદ્ધ અંતઃકરણથી પરમાત્માના ગુણસંબંધી ચિંતવન, શ્રવણ મનન, કીર્તન, પૂજા, અર્ચા એ જ્ઞાનીપુરુષોએ વખાણ્યાં છે, માટે આજનો દિવસ શોભાવજે.

૧૦૬. સત્‌શીલવાન સુખી છે. દુરાચારી દુ:ખી છે. એ વાત જો માન્ય ન હોય તો અત્યારથી તમે લક્ષ રાખી તે વાત વિચારી જુઓ.

૧૦૭. આ સઘળાંનો સહેલો ઉપાય આજે કહી દઉં છું કે દોષને ઓળખી દોષને ટાળવા.

૧૦૮. લાંબી, ટૂંકી કે ક્રમાનુક્રમ ગમે તે સ્વરૂપે આ મારી કહેલી, પવિત્રતાનાં પુષ્પોથી છવાયેલી માળા પ્રભાતના વખતમાં, સાયંકાળે અને અન્ય અનુકૂળ નિવૃત્તિએ વિચારવાથી મંગળદાયક થશે. વિશેષ શું કહું ?

આપના આત્માનું આનાથી કલ્યાણ થાય, આપને જ્ઞાન, શાંતિ તથા આનંદ પ્રાપ્ત થાય, આપ પરોપકારી, દયાવાન, ક્ષમાવાન, વિવેકશીલ અને બુદ્ધિમાન બનો એવી શુભ યાચના અર્હત્ ભગવાન કને કરીને આ પુષ્પમાળાને પૂર્ણ કરું છું.

॥ ૐ શાંતિ: શાંતિ: શાંતિ: ॥

**પુષ્પમાળા-મહાત્મા ગાંધીજીની દૃષ્ટિમાં :**

"અરે ! આ પુષ્પમાળા તો પુનર્જન્મની સાક્ષી છે !"

(પ્રજ્ઞાચક્ષુ પંડિતશ્રી સુખલાલજી સાથેની વાતચીતમાં)

## વર્ધમાન ભારતી ઈન્ટરનેશનલ ફાઉન્ડેશનનાં
## મહત્ત્વનાં પ્રકાશનો

### 'પ્રિયવાદિની' સ્વ. કુ. પારુલ ટોલિયા દ્વારા
### લિખિત-સંપાદિત-અનુવાદિત

૧. દક્ષિણાપથ કી સાધનાયાત્રા (હિન્દી) : પ્રકાશિત (પ્રથમાવૃત્તિ પૂરી)
૨. મહાવીર દર્શન (હિન્દી) Mahavir Darshan (Eng.)
૩. વિદેશો મેં જૈન ધર્મ પ્રભાવના (હિન્દી) Jainism Abroad (Eng.) મુદ્રણાધીન
૪. Why Abattoirs - Abolition ? (Eng.) : પ્રકાશ્ય
૫. Contribution of Jaina Art, Music & Literature to Indian Culture : પ્રકાશ્ય
૬. Musicians of India -I Came Across : Pt. Ravishankar, others : પ્રકાશ્ય
૭. Indian Music & Media (Eng). : પ્રકાશ્ય

**પ્રા. પ્રતાપકુમાર ટોલિયા દ્વારા લિખિત, સંપાદિત, અનુવાદિત**

૮. શ્રી આત્મસિદ્ધિશાસ્ત્ર એવં અપૂર્વ અવસર (હિન્દી અનુવાદસહ) પ્રકાશિત.
૯. અનંત કી અનુગૂંજ (હિન્દી) : (પ્રથમાવૃત્તિ પૂર્ણ) પુરસ્કૃત
૧૦. દક્ષિણાપથની સાધનાયાત્રા (ગુજરાતી) : પ્રકાશિત
૧૧. મહાસૈનિક (મ. ગાંધીજી એવં શ્રીમદ્ રાજચંદ્રજી વિષયક) પ્રકાશ્ય : પુરસ્કૃત.
૧૨. The Great Warrior of Ahimsa અંગ્રેજી : પ્રકાશ્ય.
૧૩. વિદેશોમાં જૈનધર્મ પ્રભાવના : પ્રકાશ્ય.

૧૪. પ્રજ્ઞાચક્ષુનું દષ્ટિપ્રદાન : પં. સુખલાલજીનાં સંસ્મરણો
૧૫. સ્થિતપ્રજ્ઞની સંગાથે : આચાર્ય વિનોબાજીનાં સંસ્મરણો
૧૬. ગુરુદેવ સંગે : ગુરુદેવ રવીન્દ્રનાથ ઠાકુર વિષે ગુરુદયાલ મલ્લિકજી
૧૭. ગુરુદેવ કે સાથ (હિન્દી)
૧૮. "પ્રગટી ભૂમિદાનની ગંગા" અને "વિશ્વમાનવ" (રેડિયો રૂપકો) : પ્રકાશ્ય
૧૯. જબ મુર્દે ભી જાગતે હૈં ! પુરસ્કૃત, અભિનીત હિન્દી નાટક
૨૦. સંતશિષ્યની જીવનસરિતા : પ્રકાશિત - અન્યો દ્વારા
૨૧. કર્નાટક કે સાહિત્ય કો જૈન પ્રદાન (હિન્દી) : પ્રકાશ્ય
૨૨. Jain Contribution to Kannada Literature & Culture : પ્રકાશ્ય
૨૩. Meditation & Jainsim પ્રકાશિત : પ્રથમાવૃત્તિ પૂરી
૨૪. Speeches & Talks in U.S.A. & U. K. પ્રકાશ્ય
૨૫. Profiles of Parul પ્રકાશિત
૨૬. Bhakti Movement in the North પ્રકાશ્ય
૨૭. Saints of Gujarat : પ્રકાશ્ય
૨૮. Jainism in Present Age : પ્રકાશ્ય
૨૯. My Mystic Master Y.Y. Sri Sahajananghanji :
૩૦. Holy Mother of Hampi : આત્મજ્ઞા માતાજી : પ્રકાશ્ય
૩૧. સાધનાયાત્રાનો સંધાનપંથ (દક્ષિણાપથની સાધનાયાત્રા-૨)
૩૨. દાંડીપથને પગલે પગલે (ગાંધી-શતાબ્દી દાંડીયાત્રાનુભવો)
૩૩. વિદ્રોહિની (નાટિકા) હિન્દી : પ્રકાશ્ય
૩૪. રવિરેખા (નાટિકા) : પ્રકાશ્ય

૩૫. અમરેલીથી અમેરિકાથી સુધી (જીવનયાત્રા) ગુજરાતી/હિન્દી/અંગ્રેજી : પ્રકાશ્ય
૩૬. પાવપુરીની પાવન ધરતી પરથી (આર્ષ-દર્શન) : ગુજરાતી/હિન્દી : પ્રકાશ્ય
૩૭. મેરે માનસલોક કે મહાવીર : હિન્દી : પ્રકાશ્ય
૩૮. વિદ્રોહ-વ્યંગ્ય (કાવ્યો) : હિન્દી : પ્રકાશ્ય
૩૯. Popular Poems of Prof. Toliya (કાવ્ય) : પ્રકાશ્ય
૪૦. Silence Speaks : પ્રકાશ્ય
૪૧. ગીત નિશાન્ત (કાવ્ય-ગીતો) હિન્દી : પ્રકાશ્ય
૪૨. કીર્તિ-સ્મૃતિ : પારુલ-સ્મૃતિ (દિવંગત અનુજ ને આત્મજાનાં સ્મરણો) : પ્રકાશ્ય
૪૩. "ઍવોર્ડ" (વાર્તાસંગ્રહ) : પ્રકાશ્ય (વર્તમાનપત્ર પ્રકાશિત)
૪૪. Award, Bribe Master, Public School Master & Other Stories (વાર્તાસંગ્રહો)
૪૫. વેદનસંવેદન (કાવ્યો) : પ્રકાશ્ય
૪૬. પરાશબ્દ (નિબંધો) હિન્દી : પ્રકાશ્ય
૪૭. ઉપેક્ષિત (નવલકથા) : હિન્દી : પ્રકાશ્ય
૪૮. દીવારેં બોલતી હૈં - (નાટક) હિન્દી : પ્રકાશ્ય
૪૯. દીવારોં કે પાર (નાટક) હિન્દી : પ્રકાશ્ય
૫૦. "કટતી ગાયેં, જલતી કન્યાએँ.." (વિદ્રોહ લેખો) : હિન્દી
૫૧. અંતર્દર્શીની આંગળીએ... (સ્મરણકથા) : પ્રકાશ્ય
૫૨. "Why Vegetarianism ?" પ્રકાશિત
૫૩. "સપ્તભાષી આત્મસિદ્ધિ" શ્રીમદ્ રાજચંદ્રજીના મૂળ-ગુજરાતી સાથે સાત ભાષાઓમાં સમશ્લોકી પદ્યાનુવાદ ૨૦૦ પૃષ્ઠ, ચિત્રો, નોંધો સાથે પ્રકાશિત

⁂ જિનભારતી ⁂

૫૪. 'પંચભાષી પુષ્પમાળા'

૫૫. પારુલ પ્રસૂન-ગુજરાતી/હિન્દી/સીડી પ્રકાશિત

**આમંત્રણ**

'પ્રકાશિત' પુસ્તકો (મર્યાદિત સંખ્યામાં જ શેષ) બેંગ્લોરથી ઉપલબ્ધ.

'પ્રકાશ્ય' પુસ્તકોની કૉપીરાઈટ હસ્તપ્રતો પ્રાયઃ તૈયાર.

પ્રકાશક-પ્રતિષ્ઠાનો, દાતાઓનો પત્રવ્યવહાર આવકાર્ય છે.

વર્ધમાન ભારતી ઈન્ટરનૅશનલ ફાઉન્ડૅશન

શતાધિકમાંથી કેટલીક મહત્ત્વપૂર્ણ સી.ડી. કૅસેટ્સ

શ્રીમદ્ રાજચંદ્ર સાહિત્ય

● શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર - અપૂર્વ અવસર ● પરમગુરુપદ (યમનિયમાદિ) ● રાજપદ (વિનાનયન, હે પ્રભુ આદિ) રાજભક્તિ ● ભક્તિ-કર્તવ્ય (અન્ય ભક્તિપદ) ● ભક્તિ-ઝરણાં (રાજભક્તિ-માતૃ સ્વાધ્યાય) ● સહજાનંદસુધા (રાજભક્તિપદ-સહજાનંદજીકૃત) ● ધ્યાનસંગીત (ગુજ. : આ. જનકચન્દ્રસૂરિસહ) ● ધૂન-ધ્યાન (સહજાત્મસ્વરૂપ ધૂન) ● પરમગુરુપ્રવચન, કલ્પસૂત્ર, દશલક્ષણ (સહજાનંદઘનજી) ● બાહુબલીદર્શન (બાહુબલીજી-શ્રીમદ્જી-ગાંધીજી) ● મહાવીરદર્શન (શ્રીમદ્ રાજચન્દ્ર તત્ત્વ આધારિત) ● ધ્યાનસંગીત-આનંદલોકે અંતર્યાત્રા ● પંચભાષી પુષ્પમાળા

# ભારતને ખૂણે ખૂણે જ નહીં, વિદેશોમાં પણ જેની ધૂમ મચી છે!

...આત્મસિદ્ધિ ભકતામરના અમર ગાયક
પ્રા. પ્રતાપકુમાર ટોલિયા
અને સાથે

અનુરાધા પોડવાલ, કવિતા કૃષ્ણમૂર્તિ વાણી જયરામ, પૌરવી દેસાઇ, તૃપ્તિ છાયા, સુમિત્રા ટોલિયા, બી. કમલેશ કુમારી જેવા અનેક ભાવમધુર કંઠોમાં ............આ રહી અનેકોમાંની કેટલીક કેસેટ / રેકૉર્ડ કૃતિઓ—

- ધ્યાન-સંગીત, ધૂન અને ધ્યાન
- આત્મખોજ, અભીપ્સા
- આસરા, રાસ ગરબા **નૂતન પુરાતન**
- અપૂર્વ અવસર, અવસર બેર બેર
- નવસ્મરણ, ઋષિમંડલ સ્તોત્ર
- ઈશોપનિષદ્, ॐ તત્સત્
- સ્થિત-પ્રજ્ઞા (ગીતા) : રામરક્ષા સ્તોત્ર
- કહત કબીરા, મીરાં કી બાટ
- સ્પંદન સંવેદન, પ્રભાત મંગલ
- જય જિનેશ, જિનેશ્વર આરતી
- જિનવંદના, જિનેન્દ્ર દર્શન
- રાજપદ, પરમગુરુ પદ, છહ ઢાલા
- મહાવીર દર્શન, વીરવંદના
- આધ્યાત્મિક ગીત-ગઝલ, **જૈન રાસ ગરબા**
- અમેરિકાની ત્રિવિધ-યાત્રા

આવી પચીસેક રેકૉર્ડો, સેંકડો કેસેટો
પૂર્ણ યાદી મંગાવી ટપાલથી મેળવો!

VARDHAMAN BHARATI
[illegible] ROAD, BANGALORE-56000[illegible].
(ફોન : [illegible])

**નકલો નહીં, અધિકૃત કૃતિઓ જ ખરીદો!**

શૉ રૂમ : પ્રભાત કૉમ્પલૅક્સ, કેમ્પૅગોડા રોડ, બેંગલોર-૫૬૦૦૦૯.

આજ ! આજનું મંગલ પ્રભાત !!

વર્તમાનની આ સુવર્ણક્ષણ !!!

પરમાત્મા ભગવાન મહાવીરે આથી જ આ "સ્વ-કાળ"ને **"इणमेवं खणं वियाणिया"** કહીને સૂત્રરૂપ પ્રદાન કરાવ્યું હતું !

અહીં યુગદૃષ્ટા આજન્મજ્ઞાની શ્રીમદ્ રાજચંદ્રજીએ પણ મહત્તા દર્શાવી છે - વધારી છે આ સુવર્ણમય વર્તમાનના "સ્વકાળ"ની. પોતાની "અપ્રમાદયોગ"ની સાધના દ્વારા તેમણે **"समयं गोयम् ! मा पमायए"**ની ગુરુ ગૌતમ [illegible]ધર પ્રત્યેની પ્રભુ-આજ્ઞાને સુપ્રતિષ્ઠિત- સુપ્રકાશિત કરી છે - [illegible]જઈ રહેલા "વર્તમાન"ની પળે પળનો ઉપયોગ કરી લેવાની યુક્તિ [illegible]ર્શાવતાં !

પ્રભાતે ઊઠતાં જ જોઈએ, અનુચિંત[illegible] અને સુગંધ-આનંદ માણીએ તેમની આ પુષ્પમાળા[illegible]મ પુ[illegible]નો જ :

**"રાત્રિ વ્યતિક્રમી ગઈ, પ્રભાત થયું, નિદ્રાથી મુક્ત [illegible] ભાવનિદ્રા ટાળવાનો પ્રયત્ન કરજો !"**

પ્રમાદની ભાવ-નિદ્રાને ત્યાગતાં આપણે આત્મ- ભાવમાં લીન બનીએ. આ સારીયે પુષ્પમાળાની સુવાસનો આનંદલાભ પામીને આજના આ દિવસને અને સારાય જીવનને ધન્ય બનાવીએ.

આ અપ્રમત્તભાવના પુષ્પમાળા-સંદેશથી આપનો આજનો દિન મંગલમય બને, આપનું જીવન મંગલમય બને, સત્પુરુષોનું યોગબળ આપના પર ઊતરે, એવી શુભભાવના સાથે આપની જાગી રહેલા અંતરસ્થ સિદ્ધસમ મહાન આત્માને વર્ધમાન ભારતી-જિનભારતી બેંગલોરના પ્રણામ, અભિનંદન "સુપ્રભાતમ્"*.

**- જિનભારતી**

---

(* વર્ધમાનભારતીની સ્વરસ્થ રેકર્ડકૃતિના આધારે)